**ડાંગર સંશોધન કેન્દ્ર,**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**ડભોઇ – ૩૯૧ ૧૧૦, જી. (વડોદરા)**

## ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ દ્વારા સમધી ગામ ખાતે એક દીવસીય તાલીમ નું આયોજન કરવામાં આવ્યું

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ યોજના અંતર્ગત તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ સમધી ગામ તા. બોડેલી જી. છોટાઉદેપુર ખાતે એક દીવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું. જેમા કુલ ૨૫ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

કચેરીના ઈન્ચાર્જ વડાશ્રી ડી .કે .રાઠવા સાહેબે ખેડૂતોને વર્ષ ૨૦૨૧ માં બહાર પડેલ ડાંગરની નવી જાત જી. આર. ૨૧ જે રોગ અને જીવાત સામે ટકી રહે તેવી મધ્યમ ટુંકી દાણાવાળી અને સારી ગુણવતા ધરાવતી જાત છે તેના વિશે સમજણ આપી હતી. તથા ડાંગરના પાકમાં ખાતર, પાણીના વ્યવસ્થાપન વીશે માહીતિ આપી હતી તેમજ લિફ કલર ચાર્ટ વિશે સપુંર્ણ માહીતી અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો અને તેના દ્વારા ખાતર ની બચત થાય તે વિશે માહીતી આપી હતી. વધુમાં કેન્દ્ર ખાતે ચાલતી પ્રવૃતીઓથી ખેડૂત ભાઈઓ તથા બહેનોને માહીતગાર કરાવ્યા હતાં.

સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત સિનિયર ખેતી મદદનીશ, મહેશભાઇ એમ. રાઠવા સાહેબે ખેડૂતોને આપેલ ડાંગરના ડેમોનટરેશન અંગેની માહીતી તથા આધુનિક ખેતી પધ્ધતિ વિશે સમજણ આપી હતી.

ખેતી મદદનીશ, શ્રી.રણજીતસિહ પઢીયાર સાહેબે નાડેપ કમ્પોસ્ટ અને જૈવિક ખાતરની ઉપયોગિતા વિશે ખેડૂત મિત્રો ને જણાકારી આપી હતી, અને અંતે ખેડૂત મિત્રો સાથે ચર્ચા પરામર્શ કરી ત્યારબાદ નાસ્તો કરી ને એક દીવસીય તાલીમ પૂર્ણ કરી.


ડાંગર સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
યોજના અંતર્ગત
તાલીમ કાર્યક્રમ

